# બકરાઓમાં જોવા મળતો પથરીનો રોગ

**ગોસાઈ આર. કે, પટેલ અભિષેક, પટેલ જે. બી અને પટેલ એ. એમ**
ક્લીનીકસ વિભાગ
પશુચિકિત્સા અને પશુપાલન મહાવિધાલય,
કામધેનુ યુનિવર્સીટી, સરદારકૃષિનગર

DOI:10.5281/Vettoday.15974309

પથરીની સમસ્યા સામાન્ય રીતે નાના જાનવરોમાં પણ જોવા મળતી હોઈ છે. આ બિમારી ઘણીવાર જાનવરના જીવનું જોખમ ઊભું કરતી હોવાથી તેનું યોગ્ય સમયે સચોટ નિદાન અને સારવાર મળી રહે તે ખુબ જ જરૂરી રહેલું છે. આ રોગ ખાસકરીને નરમાં જોવા મળે છે. નર બકરાઓનું વહેલું ખસીકરણ કરવાને કારણે તેના શિશ્ન સાથે જોડાયેલ ચામડીનો ભાગ તૂટી ન શકવાને લીધે સિગ્મોઈડ ફ્લેક્સરને સંપૂર્ણપણે સીધો થતો અટકાવે છે. જેના થકી પથરી થવાની સંભાવના રહેલી હોય છે. જ્યારે જીવાણુઓ, કોષો, મ્યુકોપ્રોટીન અથવા પેશાબની નળીની અંદર રહેલ ખરાબ કણો એક જગ્યાએ સંગ્રહ થાય છે ત્યારે પથરી બનવાની શરૂઆત થાય છે. જનવારનું ઓછી માત્રામાં પાણીનું પીવું એ પથરીની બિમારી થવા માટેનું પૂર્વસુચક પરિબળ છે. બકરાઓમાં સામાન્ય રીતે પથરીનો ભરાવો પેશાબની નળીના આગળના ભાગ અથવા તો  સિગ્મોઈડ ફ્લેક્સરના પાછળના ભાગમાં થતો હોય છે. ખાસ કરીને પથરીને લીધે મૂત્રમાર્ગની નળીમાં અવરોધ, મૂત્રમાર્ગની નળી અથવા પેશાબની કોથળીનું ફાટી જવાની શક્યતા રહેલી હોય છે. પેશાબમાં મીઠાની સાંદ્રતાનો વધારો, પેશાબની નળીમાં ચેપ લાગવો, વિટામીન એ અને ડી ની ઉણપો અને કોલોઈડ્સનો પેશાબમાં ઘટાડો, પાણી પીવાની માત્રામાં ઘટાડો, પેશાબની સાંદ્રતામાં ફેરફાર થવો અને નાની વયમાં ખસીકરણ જેવા પરિબળો પથારીનું ઉત્પાદન કરવામાં મુખ્ય ભાગ ભજવતા હોય છે.

## પથરીના લક્ષણો

મૂત્રમાર્ગમાં પથરીના અવરોધને લીધે વિવિધ લક્ષણો જોવા મળતા હોય છે જેવા કે બેચેની, પેટનો દુખાવો, ટીપે ટીપે પેશાબ કરવો અથવા પેશાબ કરવાનું બંધ કરી દેવું, પથરીના ભરાવાને લીધે મૂત્રમાર્ગની નળીમાં સોજો આવવો, દુખાવાને લીધે જોર જોરથી બરાડવું. પેશાબ કરવા માટે શરીરનું તાણવું. પેશાબની નળીનું ફાટી જવાથી પેટની નીચેના સ્નાયુઓમાં પેશાબનો ભરાવો જોવા મળે. વધારે સમયથી પેશાબના અટકાવને કારણે પેશાબની કોથળી ફાટી જાય છે જેના લીધે પેશાબનો પેટમાં ભરાવો થવાને કારણે શરીરમાં ઝેરનો ફેલાવો થાય છે અને જાનવર મૃત્યુ પામે છે.

## રોગનું નિદાન

આ રોગનું નિદાન સામાન્ય રીતે તેના લક્ષણો પરથી કરી શકાય છે. પેટના એક્સ-રે અને સોનોગ્રાફીની મદદથી પણ પથરીનું નિદાન કરી શકાય છે. જો પેશાબની કોથળી ફાટી ગઈ હોઈ તેવા કિસ્સામાં પેટના નીચેના ભાગે સોય નાખવાથી પેટની અંદર ભરાઈ રહેલ પેશાબ બહાર આવે છે.

## રોગની સારવાર અને અટકાવવાના ઉપાયો:

જો પેશાબની નળીમાં પથરી હોઈ તો શિશ્નને બહાર કાઢીને પેશાબની નળીનો આગળનો ભાગ કાપવાથી જાનવરને રાહત થાય છે.  પરંતુ ઉપરોક્ત સારવારથી સુધારો ન આવે તો ટ્યુબ સીસ્ટોટોમી નામની શલ્યક્રિયા કરવાથી રાહત થાય છે અને  સાથેસાથે જાનવરને એમોનિયમ ક્લોરાઈડનો પાવડર પણ પાણીની સાથે ૦૫ થી ૧૦ ગ્રામની માત્રમાં પીવડાવવામાં આવે તો રાહત થતી હોઈ છે.

૧. ખોરાકમાં કેલ્શિયમ અને ફોસફોરસનું પ્રમાણ ૧.૫: ૧ થી ૨:૧ રાખવું જોઈએ.
૨. ખોરાકમાં મીઠું ઉમેરીને આપવું જોઈએ અને પીવાના પાણીની માત્રા દિવસ દરમિયાન વધારવી જોઈએ
3. યોગ્ય માત્રામાં લીલો ઘાસચારો આપવો જોઈએ.